Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૧. | શ્રાવણ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૧. | :: ઇ. સ. ૧૯૪૫ ઑગસ્ટ :: | અંક ૧ લો. |

## શ્રી શાંતિનાથનું સ્તવન.

( રાગઃ મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા )

શ્રી શાંતિનાથકેરી, મૂર્ત્તિ સોહાવતી-
ભક્તોને પૂર્ણ સુખ આપતી-**શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥ ૧ ॥

નયનોમાં નૂર છે ને શાંતિ મહાઉર છે,
દુઃખીયાંના દુઃખ મહા કાપતી,-**શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥૨॥

શરણું જે લેશે તે તરશે સંસારથી,
પાપ રૂપ દુષ્ટને હઠાવતી-**શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥ ૩ ॥

ઉરની ગુહાની માંહ્ય માયાનો અંધકાર,
પૂન્ય, તપ, તેજથી પ્રકાશતી-**શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥ ૪ ॥

જ્ઞાનના ઉદ્યાનમાં, સામ્યભાવ લાવતી,
શાંતિસુખ-વર્ષા વર્ષાવતી, **શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥ ૫ ॥

**લક્ષ્મીસાગર** પ્રભુ મૂર્ત્તિ પ્રતાપથી,
જીવનરૂપ નૌકાને તારતી-**શાંતિનાથ મૂર્તિ સોહામણી** ॥ ૬ ॥

રચયિતા–મુનિશ્રી **લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ**

શ્રી મહાવીર જૈન આરાધના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन.

નૂતન વર્ષ પ્રવેશતાં, પ્રથમે કરું પ્રણામ;
જય જિનેન્દ્ર જયજય પ્રભુ, મહામોક્ષનું ધામ. ૧
પૈષ્ટિક વ્હાલા **पेट्रनो, प्रमुखजी** ને **सभ्य;**
**सेक्रेटरीओ** સહુ, આપ્યો લાભ અલભ્ય. ૨
એ સૌનો મુજ અંતરે, માનીને ઉપકાર;
**त्रैंतालीसमा** વર્ષમાં, ઈચ્છું જયજયકાર. ૩

હરિગીત છંદ.

એ પત્ર ! પુનિત **प्रकाश,** વ્હાલા વાચકોને વંદજે,
સજ્જનતણા કર-કમળમાં, ભૂષણ બની આનંદજે;
પરમાત્મનું **मंगलस्मरण,** એ શ્રેષ્ઠ સ્વર્ગીય સ્વાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૧
સુખ-દુઃખતણા ભંડાર કૈં, ઈશ્વર નથી ભરી રાખતો,
**कर्मानुसारे** સુખ-દુઃખોના, સ્વાદ પ્રાણી ચાખતો;
"સત્કર્મ" ને "સદ્ધર્મ" સેવો, એ જ નિર્મળ નાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૨
**पुण्यो**વડે શુભ સંસ્કૃતિ, ને **पाप**થી છે વિકૃતિ,
સૌ ધર્મનો સિદ્ધાન્ત, ને પંડિતજનોની એ મતિ;
રે ! દોષ દેવો દેવને, એ તો **वितंडावाद** છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૩
જૂદા-જૂદા **पंथो** જુઓ, જૂદા જૂદા **ग्रंथो** જુઓ,
જે **तत्त्व** તે અંતર ગ્રહો, ખાલી સમય શાને ખુઓ ?
એ "સત્ય" ને સમજ્યા વિના, ફોગટ બધી ફરિયાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૪
રે ! જગત કાજી કાં થવું ? નિજ દેહના કાજી બનો,
ક્ષણ-ક્ષણતણો હિસાબ ન્યાળો, સુજ્ઞ-વાચન સજ્જનો;
છે **धर्मनो जय-पापनो क्षय,** સૂત્ર નિર્વિવાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૫
વર્ષો ગયાં હજીએ હશે, તેનો હિસાબ તપાસશો,
નિજ **पाप-पुण्य**ની આરસી, દૃષ્ટિ સમિપે ધારશો;
શ્રી જગત ન્યાયાધીશકેરો, ચોપડો આબાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे,** અંતરથી આશીર્વાદ છે. ૬
જ્યાં **वग-वसिलो, पदवी-पैसो,** કોઇ નાવે કામમાં,
જ્યાં છે **अदल-इन्साफ** શ્રી પરમાત્મકેરા ધામમાં;
જ્યાં રંકની ને રાયની સરખી સુણાએ દાદ છે,
આ વર્ષ **त्रैंतालीशमे** અંતરથી આશીર્વાદ છે. ૭

**કવિ રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 આ સભાના માનવંતા પેટ્રન સાહેબ 卐



રાવબહાદૂર શેઠસાહેબશ્રી જીવતલાલભાઈ પ્રતાપશી-મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાવબહાદુર શેઠ સાહેબ જીવતલાલભાઇ પ્રતાપશી.

પવિત્ર શ્રી શંખેશ્વર તીર્થની છાયામાં આવેલું રાધનપુર શહેર જૈનપુરી ગણાય છે. તેની સાક્ષીરૂપે ત્યાંના સુંદર જિનમંદિરો, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની અપૂર્વ ભક્તિ અને ત્યાંના જૈન સંઘની ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા વગેરે છે. રાધનપુરના જૈન સંઘમાં ભૂતકાળમાં કેટલાક ધર્મવીર વગેરે થઇ ગયા છે, તેમ વર્ત્તમાન કાળમાં પણ દાનવીર, ધર્મવીર, જૈન નરરત્ન પુરુષ શેઠ સાહેબ **જીવતલાલભાઇ** પણ છે. શેઠ શ્રી જીવતલાલભાઇનો જન્મ તે જ શહેરમાં સં. ૧૯૪૬ ની સાલમાં થયો હતો. બાળવયમાં અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરી, સોળ વર્ષની લઘુવયે મુંબઇ ગયા અને એક વ્યાપારી પેઢીમાં વ્યાપારી લાઇન જાણવા માટે જોડાયા. ભાગ્ય સુંદર હતું, તેથી થોડા વખત પછી સાહસિકપણાવડે પ્રથમ સોના ચાંદીની દલાલીનો, ક્રમે ક્રમે પછી શેરનો, રૂનો વગેરે વ્યાપાર શરુ કર્યો; તેમાં અનેક ભરતી ઓટ આવ્યા છતાં સાહસિકપણું, કુશાગ્ર બુદ્ધિ અને પૂર્વ પૂણ્યયોગે અડગ રહ્યા. અને તે દરેક વ્યાપારોમાં ફળીભૂત થતાં અને સ્વતંત્ર ધંધો કરતાં કુશળતાપૂર્વક, વ્યાપારનિષ્ણાતપણું પ્રાપ્ત કર્યું, જેથી મુંબઇની વ્યાપારી આલમમાં પ્રતિષ્ઠા વધી; સાથે સંપત્તિ પણ વધવા લાગી અને એક બાહોશ અને પ્રમાણિક દલાલ (વ્યાપારી) તરીકે ગણના થતાં, હુન્નર ઉદ્યોગવાળી અનેક સંસ્થાના-કોઇના ડીરેકટર, કોઇના ચેરમેન, કોઇના વાઇસ ચેરમેન કે કોઇના મુખ્ય સભ્ય તરીકે શેઠ સાહેબ જીવતલાલભાઇની નીમણુંકો થઇ. વ્યાપાર, પ્રતિષ્ઠા અને સંપત્તિ વગેરે વધવા લાગ્યા. વળી યૌવનવય, સુંદર આરોગ્યતા, વૈભવ, પ્રતિષ્ઠા અને સંપત્તિ વધતા સાથે સાદાઇ, માયાળુપણું અને લઘુતા પણ વધી અને વંશપરંપરાથી મળેલા ધાર્મિક સંસ્કાર અને આરાધનના યોગે આત્મ-કલ્યાણ-ધર્મભાવના પણ વૃદ્ધિ પામવા લાગી અને લક્ષ્મીને ચળ માની દરમ્યાનમાં ક્રમે ક્રમે મળેલી સુકૃતની લક્ષ્મીનો મનુષ્યજન્મની સાર્થકતા કરવા માટે સદ્વ્યય કરવો પણ શરૂ કર્યો. સંપત્તિ તો ચળ છે એમ જાણી મળેલી લક્ષ્મીવડે આત્મકલ્યાણ સાધવાની ઉત્કંઠા વિશેષ જાગતાં તેને પણ મુખ્ય સ્થાન આપ્યું, જેથી ક્રમે ક્રમે નીચે જણાવ્યા પ્રમાણે લાખો રૂપીવાની સખાવતો (સદ્વ્યય) અત્મકલ્યાણ માટે ઉદારભાવે કરવા લાગ્યા. વ્યાપારનિષ્ણાતપણું, વ્યાપારી આલમમાં વધેલી પ્રતિષ્ઠા અને અગ્રગણ્યપણું, સંપત્તિ અને દેવગુરુધર્મ પ્રત્યેની અપૂર્વ ભક્તિથી, નામદાર સરકાર સુધી કુશળ વ્યાપારી તરીકે ખ્યાતિ અને ગણના થતાં, ગયા જુન માસમાં નામદાર શહેનશાહના જન્મદિવસે શ્રી બ્રિટિશ સરકારે **રાવબહાદુરનો** શેઠ જીવતલાલભાઇને ઇલ્કાબ અર્પણ કર્યો જે જૈન સમાજને અને આ સભાને ગૌરવ લેવા જેવો વિષય છે, જેથી આ સભા પોતાનો હાર્દિક આનંદ જાહેર કરે છે.

છેવટે **રાવબહાદુર શેઠ સાહેબ જીવતલાલભાઇ** દીર્ઘાયુ થઇ શારીરિક, માનસિક, આધ્યાત્મિક સંપત્તિ દિવસાનુદિવસ વિશેષ વિશેષ મેળવવા ભાગ્યશાળી બને અને પોતાના લાંબા જીવનમાં અનેકગણો દાન-પ્રવાહ વહેવડાવે એવી પરમ કૃપાળુ જિનેશ્વર દેવની પ્રાર્થના આ સભા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનેક ધાર્મિક કાર્યોમાં આત્મકલ્યાણ માટે કરેલ સખાવતો અને સદ્દવ્યયની નોંધ.

સં. ૧૯૬૪ માં સહકુટુંબ શ્રી શત્રુંજય તીર્થની નવાણું યાત્રા કરી સારી રકમ ખરચી.

રૂા. ૬૦૦૦૦) સાઠ હજાર સ્વર્ગગત પૂજ્ય પિતાશ્રી પ્રતાપશીભાઇએ પોતાના જીવનમાં કરેલી વીશ સ્થાનકની ઓળી માટે તેઓની આજ્ઞાથી વીશ સ્થાનક તપનું રાધનપુરમાં ઉજમણું કરી ધર્મભાવના સાથે પિતૃભક્તિ પોષી ( સંવત ૧૯૭૮ ).

રૂા. ૨૦૦૦૦) શ્રી સમેતશિખર તીર્થે સવાસો યાત્રાળુ સાથે યાત્રા કરી વ્યય કર્યો. ( સં. ૧૯૭૫ ).

દરેક સાલથી નાતાલમાં જુદા જુદા તીર્થોએ જવા જૈન બંધુનું એક મંડળ સ્થાપ્યું, જેનો સંપૂર્ણ ખર્ચ શેઠ જીવતલાલભાઇ આપતા. ( સં. ૧૯૭૮ ).

રૂા. ૧૦૦૦૦૦) રાધનપુરથી ચતુર્વિધ સંઘ જેની સંખ્યા હજારોની હતી તે સાથે છ'રી' પાળતો શ્રી પવિત્ર શત્રુંજય તીર્થનો સંઘ સંપૂર્ણ ઉત્સાહ અને ભાવનાથી કાઢયો, અનેક મનુષ્યોએ યાત્રાનો લાભ લીધો, જેમાં રૂા. એક લાખનો ખર્ચ કર્યો. ( સં ૧૯૮૫ના પોશ શુદ ૧૦ ).

**કુલ ખર્ચ**. રાધનપુર શહેરમાં દર વર્ષ ચૈત્ર તથા આસો માસમાં થતી ઓળીઓ વગેરેનો કુલખર્ચ શેઠ શ્રી જીવતલાલભાઇ આપે છે.

રૂા. ૩૫૦૦૦) શ્રી વર્ધમાનતપ આયંબીલના સ્થાયીપણા માટે સ્વર્ગવાસી પૂજ્ય પિતાશ્રીના નામે **"પ્રતાપભુવન"** નામ આપી એક સુંદર મકાન રૂા. પાંત્રીશ હજારનું બંધાવી આપી શ્રી સંઘને અર્પણ કર્યું.

રૂા. ૨૦૦૦૦) સં. ૧૯૮૦ ની સાલમાં અનેક સ્નેહીઓ સાથે શ્રી શત્રુંજય તીર્થે ચાતુર્માસ કરી દેવગુરુધર્મની ભક્તિ સાધી રૂા. વીશ હજારનો સદ્દવ્યય કર્યો.

**કુલ ખર્ચ**. પોતાના સુશીલ સ્વર્ગવાસી ધર્મપત્ની શ્રીમતી જાસુદબહેનના સ્મરણ નિમિત્તે મુંબઇમાં જૈન પાઠશાળાની સ્થાપના કરી જે હાલ ચાલુ છે. ( સં. ૧૯૯૭ની સાલમાં ).

કુલ ત્રણ લાખ ઉપરાંત સુકૃતની મળેલી લક્ષ્મીવડે આત્મકલ્યાણ સાધ્યું. હજી પણ સખાવતો શરૂ છે.

ઉપરોક્ત રીતે દાનવીર, ધર્મવીર તથા જૈન નરરત્ન તરીકે જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામતા મુંબઇ શહેરમાં આવેલ ભાયખાલાના જિનમંદિર, શ્રી શાન્તિનાથ ભગવાન, અને સેન્ડહર્સ્ટ રોડ પરના જિનાલયના, તેમજ શ્રી પાલીતાણામાં મોતીશાહની ટુંકના અને વહીવટ સંભાળવા સાથે ટ્રસ્ટીઓ થયા. તથા મહેસાણા યશોવિજયજી જૈન પાઠશાળાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નીમાયા. મુંબઇ પોતાના નિવાસના ગૃહમંદિરમાં શ્રી મુનિસુવ્રતસ્વામીને બિરાજમાન કરી નિરંતર દેવભક્તિવડે આત્મકલ્યાણ સાધે છે.

ઉપરોકત પરિચય પ્રગટ કરવા શેઠ સાહેબ જીવતલાલભાઇની ઇચ્છા બિલકુલ ન હોવા છતાં આવા ઉદાર ધાર્મિક પુરુષનું જીવન સમાજને અનુકરણીય હોવાથી અમોએ સંક્ષિપ્તમાં આપેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान.

પૌદ્‌ગલિક આનંદોને ક્ષણવિનશ્વર માની આત્માનો આનંદ શાથી પ્રકટે ? તંદુરસ્ત શરીર અને સંસ્કારી મન આત્માનું ઉચ્ચ આરોગ્ય કેમ પ્રકટાવી શકે ? સંયમ, વિરતિ, ચારિત્ર અને યોગ એ વસ્તુતઃ શું છે ? અને તેની અસર જાગૃત આત્મા ઉપર કેટકેટલી મર્યાદાઓ ઉલ્લંઘીને પ્રકટાવી શકે છે ? વિગેરે ધાર્મિક વિષયોને ચર્ચતું અને રચનાત્મક ( Constructive ) શૈલીને અનુસરતું **શ્રી આત્માનંદ પ્રકાશ** આજના મંગલમય પ્રભાતે ૪૩ મા વર્ષમાં પ્રવેશ કરે છે; સ્થળ અને કાળની મર્યાદા રાખીને પૂર્વ પ્રણાલિકા પ્રમાણે સ્વગત વિચારે છે કે–સમગ્ર વિશ્વમાં વ્યાપક કેવલજ્ઞાનરૂપ ચિત્‌મહાસાગરનું હું એક બિંદુ છું છતાં એ બિંદુનું પણ જગતમાં અસ્તિત્વ છે; મહાવીર પરમાત્માના કેવળજ્ઞાનનો અનંતમો ભાગ શાસ્ત્રારૂઢ થયેલો છે છતાં ગંધવટ્ટી ગુટિકાની જેમ કેવળજ્ઞાનનું સત્ત્વ તેમાં આવી જાય છે; કર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતા અનંતજ્ઞાન પ્રકાશનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ ક્ષાયોપશમિક જ્ઞાન નિમિત્ત છે; શુકલપક્ષમાં બીજ ઊગી ગઈ હોય તો અવશ્ય પૂર્ણિમાનો ચંદ્ર થવાનો; એ.હિસાબે શ્રીમદ્ ઉપાધ્યાયજી યશોવિજયજીના “ **द्योतते सकलाध्यक्षाः पूर्णानन्दविधोः कलाः** ” વાળા વાકયથી સિદ્ધ થાય છે કે કર્મોના સંપૂર્ણ ક્ષયથી અનંત આનંદ પ્રકટી શકે છે; જગત્‌માં પ્રત્યેક સ્થૂળ વસ્તુઓ સ્વનિમિત્તવડે આત્માને જગાડે છે; જો આત્મા ગુણગ્રાહી હોય તો; તે દૃષ્ટિએ પુષ્ટાલંબનરૂપ પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો આત્મજાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી; જડ જેવા નદીઓ અને ઉપવનોમાંથી પણ મનુષ્ય જો આત્મજાગૃતિ રાખે તો બોધ લઈ શકે છે; સંસારની અસ્થિરતા વિચારી શકે છે; તો અગાધ જ્ઞાનમહાસાગરનું બિંદુ આત્મજાગૃતિ માટે બોધરૂપ કેમ ન બની શકે ? વ્યાપક જ્ઞાનસમષ્ટિમાં વ્યક્તિરૂપે ગત વર્ષમાં જૈન દર્શનનાં ઉચ્ચ તત્ત્વોને લક્ષ્યમાં રાખી અનેકાંત દૃષ્ટિનાં ઉચ્ચ રહસ્યો અર્પ્યાં છે ? વાસનામય જીવનમાં મધુબિંદુની માફક ઓતપ્રોત થયેલાં સંસારી જીવોને સત્કર્મ; અને દુષ્કર્મનું ભાન દર્શાવ્યું છે ? **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્રનું રહસ્ય યથાશક્તિ સમજાવ્યું છે ? કાળ, સ્વભાવ, નિયતિ અને કર્મને ગૌણ કરી, માનવજન્મમાં પુરુષાર્થપરાયણ થવાની જાગૃત પ્રેરણા આપી છે ? આ અને આવા અનેક વિચારપ્રશ્નોદ્વારા સમાધાન થાય છે કે જૈનદર્શનના સિદ્ધાંતો ઉપર નિર્ભર રહી, ખંડનાત્મક ( Destructive ) શૈલીની નિરર્થક ઘટનાથી દૂર રહી યત્કિંચિત્ માનવગણની સેવા બજાવી છે અને તેથી અલ્પસંતોષરૂપે પ્રશસ્ત ગૌરવ અનુભવાય છે.

## સંજ્ઞા : એક પ્રેરણા—

નૂતન વર્ષની ૪૩ ની સંજ્ઞા સંબંધમાં વિચારણા કરતાં ૪+૩ એ સાત નયોની સંખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂચક છે તેમજ દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મનું દેવ-ગુરુ-ધર્મ સાથે જોડાણ સૂચવે છે; ૪-૩ એ ' **एगोऽहं नत्थि मे कोइ** ' રૂપ અનિત્ય ભાવના સૂચવવા સાથે આત્માઓ દ્રવ્યથી અનંત હોવા છતાં આત્મસ્વરૂપે તમામ એક જ છે તેમ દર્શાવે છે; ૪×૩ બારની સંખ્યા આત્માના ઉન્નતિ ક્રમની બાર ભાવનાઓનું દિગ્દર્શન કરે છે અને ૪÷૩ એ ચાર કષાયોનો કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતારૂપ ભાવોથી છેદ ઉડાડી એવંભૂત નયથી આત્માનો આનંદ પ્રકટ થાય તેટલા માટેની સૂચના આપે છે; જેમ ક્ષીરથી થતી તૃપ્તિ અનુભવવા માટે અગ્નિ, કોલસા, દૂધ, ચોખા, સાકર વિગેરે સાધનોની જરૂરીઆત પ્રકટે છે તે પ્રમાણે આત્મિક સ્વરૂપનાં પ્રકટીકરણ માટે જ્ઞાન અને ક્રિયા ઉભય નયોની આવશ્યકતા છે; જે જે નયોદ્વારા આત્મવિકાસ વધતો જાય તે તે નયોનું અનુક્રમે અવલંબન લઈ, સાધ્યસિદ્ધ કરતાં જવાનું હોય છે; જૈન દર્શનનો આ અનેકાંતવાદ છે; અનાદિકાળનું આત્માનું છુપું ધન પ્રકટ કરવા માટે પરમાત્માની મૂર્તિ પાસેથી તથા સદ્ગુરુ અને શાસ્ત્રના વચનામૃતમાંથી જીવન્ત પ્રેરણાઓ ( Intuitions ) પ્રાપ્ત કરવાની છે અને એ રીતે જૈનદર્શનના અનેકાંતવાદને અનુસરતાં કર્મ ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય વધારી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સપ્ત નયો સમાવેશ કરવાની કળા સક્રિય (Active) થતાં અંતરાત્મ અવસ્થામાંથી પરમાત્મ અવસ્થા પ્રકટ કરવા ૪૩ ની સંજ્ઞા પ્રેરણા આપી શકે છે; આત્મા અમર હોવાથી કાળની અનંતતા છતાં પણ જો **જૈન** દર્શનરૂપ **મહાનલ**ની સમ્યક્ત્વરૂપ ચીનગારી માત્ર અંતર્મુહૂર્તમાં જ આ દશ દષ્ટાંતથી દુર્લભ માનવ જન્મમાં પ્રાપ્ત કરી લે તો અનેક જન્મોમાં પછીથી શુભ સંસ્કારોની વૃદ્ધિ કરતાં કરતાં તેના પરિપાકરૂપે સંપૂર્ણ **આત્માનંદ પ્રકાશ** પોતામાંથી પ્રકટાવી શકે છે અને હંમેશને માટે નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિબિંદુથી અજર-અમર બને.

## વિશ્વયુદ્ધ અને રાજકીય વાતાવરણ—

વિશ્વયુદ્ધના લગભગ પાંચ વર્ષો પછી છેલ્લાં પાંચ મહિના પહેલાં યૂરોપીય વિગ્રહ સમાપ્ત થઇ ગયો છે; જર્મની હારી ગયું છે અને બીનશરતે સાથી રાજ્યોની શરણાગતિ સ્વીકારી લીધી છે; જર્મનીના સાથી જાપાને પણ બીનશરતી શરણાગતિ સ્વીકારી છે; યૂરોપનું સર્વોપરીપણું લેવા ભયંકર નરમેધ યજ્ઞ ચલાવતા સરમુખત્યારોના અભિમાનો પાતાળમાં ચંપાઇ ગયા, દુનિયાભરની તમામ પ્રજાને હાડમારી-મુશ્કેલીઓ ભોગવવી પડી છે, અને જૈનદર્શનકથિત કર્મના નિયમને આધીન થઇ જવું પડયું છે. વ્યક્તિ કે સમષ્ટિ જો તે અનંતાનુબંધિ કષાયને વશ થઇ અકાર્યો કરવામાં પાછી પાની કરતા નથી તેમને અવશ્ય કર્મફળનો દંડ ભોગવવો પડે છે એ નિર્વિવાદ છે. કર્મના પરિપાક પ્રમાણે રાષ્ટ્રની પ્રજાઓ પણ કર્મફળ ભોગવી રહી છે; જર્મન અને ઇટાલી સામ્રાજ્ય અસંખ્ય પાયમાલી વહોરી લેવા સાથે લગભગ પૃથ્વીના પડ ઉપર ખતમ થઈ ગયું; આ યુદ્ધ પૂર્ણ થયું છે હવે જો પછી માનવ સમૂહ પોતાની ભૂતકાલીન ભૂલો અને પાપોનો પશ્ચાત્તાપ કરી પોતાના સંબંધો માનવહિતની ભૂમિકા ઉપર સ્થાપશે તો આવા સંહારો નિરર્થક બનશે; વિજ્ઞાનનો દુરુપયોગ થતો અટકશે; વિશ્વની નાનામાં નાની ઘટના કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મના નિયમોની બહાર નથી; રાત્રિ પછી દિવસના ચક્રની જેમ સુખનો દિવસ ઊગશે અને શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે; આપણે પણ ઘોર નિરાશા વચ્ચે આશાવાદી થઇ જગત્ શાંતિનો સૂર્ય વહેલી તકે ઊગે તેની રાહ જોવા થોભીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દિલગીરી—

ગત વર્ષમાં પાલીતાણામાં સાહિત્ય મંદિરના સ્થાપક અને વિદ્વાન્ આ૦ શ્રી વિજયમોહનસૂરિ ડભોઇમાં સ્વર્ગવાસી થયા; અને તેમની ચરણપાદુકા ત્યાં મહોત્સવપૂર્વક સ્થાપવામાં આવી; ભૂતપૂર્વ કોન્ફરન્સના પ્રમુખ, આ સભાના પેટ્રન અને સિંઘી જૈન ગ્રંથમાળાના સ્થાપક દાનવીર કરોડપતિ બાબુ સાહેબ શ્રી બહાદુરસિંહજી સિંઘી સાહેબનું અવસાન થયું; આ સભાના ઉપ-પ્રમુખ વ્યવહારકુશળ અને અનુભવી સલાહકાર શ્રી દામોદરદાસ દીઆળજીનું પંચાસી વર્ષની ઉમ્મરે અવસાન થયું; જેથી સભાને ખોટ પડી છે; ભાવનગર જૈન સંઘના અગ્રગણ્ય, જૈન ધર્મ પ્રસારક સભાના ઉત્પાદક અને પ્રમુખ શ્રી કુંવરજી આણંદજીનું અવસાન એકાશી વર્ષની ઉમ્મરે થવાથી ભાવનગર શ્રી સંઘને તેમની ખોટ પડી છે; ઉપરાંત મેંબરોમાં તથા લાઇફ મેંબરોમાં દાનવીર શેઠ કુશળચંદ કમળશી, શા. બાલુભાઈ કુંવરજી, શા. વૃજલાલ છોટાલાલ, શેઠ દામોદરદાસ ત્રિભુવનદાસ, દલીચંદ દોશી ધોલેરાવાળા, અને શેઠ નગીનદાસ જીવણજી, શા. મગનલાલ જાદવજી અને મુંબઈમાં ગોધારી દવાખાનાના ઉત્પાદક અને સમાજસેવક શ્રી નરોત્તમદાસ ભવાનનાં ખેદજનક અવસાનોની નોંધ લઇ તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## સંસ્મરણો—

ગત વર્ષમાં દેશવિરતિ સમાજનું નવમું અધિવેશન રા૦ બ૦ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદે પરાંસલી તીર્થમાં ભરાયું હતું; સિદ્ધસેન દિવાકર જૈન વિદ્યાલયનું ઉદ્ઘાટન થયું હતું; પ્રમુખ સાહેબ તરફથી અહિંસા, અનેકાંતવાદ, વિદ્યાપીઠ, શિક્ષણયોજના અને ધાર્મિક વિદ્યાભ્યાસ સંબંધમાં ઉચિત પ્રતિપાદન થયું હતું અને વ્યવહારુ રચનાત્મક કાર્યક્રમ માટે ખાસ ભલામણ કરી હતી. કોલ્હાપુર દેવસ્થાન બીલની દખલગીરી જૈનોના શુભ પ્રયાસથી રદ થઇ છે; ડો. ખૂબચંદના અધ્યક્ષપણા નીચે જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ બનારસમાં અને પાટણમાં જિનાગમ પ્રકાશિની સંસદ્ ગત વર્ષમાં શરૂ થયાં છે; પ્રથમ સંસ્થાનું કાર્ય તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સાંસ્કૃતિક સાહિત્યનું અન્વેષણ છે: બીજી સંસ્થાનું કાર્ય સૂત્ર, સાહિત્ય સંશોધન–પ્રકાશનનું છે સાક્ષરવર્ય પરમકૃપાળુ શ્રીપુણ્યવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે તે કાર્ય શરૂ થયું છે. જૈન કોન્ફરન્સનું ૧૬મું અધિવેશન મુંબઇમાં શેઠ મેઘજી સોજપાળના પ્રમુખપદ નીચે શરૂ થયું હતું; સ્વાગત પ્રમુખ રા૦ બ૦ કાંતિલાલ ઇશ્વરલાલ હતા; ઉભયના ભાષણોમાં સંપ, ઔદ્યોગિક કેળવણી, જૈન વિદ્યામંદિરો, ધાર્મિક શિક્ષણ, ઇંડસ્ટ્રીઅલ બેંક, જૈન વિદ્યાપીઠ વિગેરે અનેક વિષયોનું પ્રતિપાદન હતું; દીક્ષાના પ્રચલિત પરંપરાગત અનુષ્ઠાનોને માન્ય રાખવાનો ઠરાવ જૈન કોન્ફરન્સે તથા યંગમેન્સ સોસાઇટીએ પાસ કરાવવા માટે નક્કી થયું હતું; તદનુસાર કોન્ફરન્સમાં બન્ને ઠરાવો પાસ કરવા મુકાયા; પરંતુ ઘણા ભાષણો અને ઉહાપોહો પછી જ્યારે તેને માટે મત લેવાનું નક્કી થયું ત્યારે ઠરાવ પાસ કરવાની તરફેણમાં ૧૨૧૫ અને વિરુદ્ધમાં ૧૨૪૦ મતો પડતાં બન્ને ઠરાવો નામંજુર થયા હતા અને ભવિતવ્યતાના કઠણ યોગે જૈન કોન્ફરન્સની સફળતા થઇ નહોતી. કોન્ફરન્સ તરફથી મુંબઇમાં જૈન ભોજનશાળા માટે ફંડ શરૂ થયું છે એ શરૂઆત ઠીક ગણાય; સિવાય સસ્તા ભાડાની ચાલીઓ, મુંબઇમાં પરદેશીઓને ઉતરવાની ધર્મશાળા વિગેરેની પણ જરૂર છે; આ બાબતમાં જૈન કોન્ફરન્સ કે શ્રીમંત બંધુઓ વહેલી તકે પ્રયત્ન કરશે એવી આશા રાખીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ ભોગીલાલ દોલતચંદ હાઈસ્કૂલનું ઉદ્ઘાટન ગત વર્ષમાં થયું હતું; પચાસ હજાર લગભગની તેમની સખાવત હતી; જૈન ગુરુકુળ પાલીતાણામાં વિદ્યામંદિરના મકાનનું ખાતમુહૂર્ત શેઠ ભોગીલાલ મગનલાલ મીલવાળાના હસ્તક કરવામાં આવ્યું હતું; તેને માટે લગભગ સવા લાખનું ફંડ થઇ ગયું છે; ખંભાતથી પાલીતાણા આ. શ્રી વિજયલબ્ધિસૂરિના નેતૃત્વ નીચે શેઠ કેશવલાલ વજેચંદ તરફથી 'છ' 'રી' પાળતો સંઘ કાઢવામાં આવ્યો હતો; અને તીર્થયાત્રા થઇ હતી. મુંબઇ સ્વયંસેવક મંડળે કોન્ફરન્સના પ્રસંગે સંક્ષિપ્તમાં રજતોત્સવ શ્રી અમૃતલાલભાઈ કાલીદાસ બી. એ.ના પ્રમુખપદે ઉજવ્યો હતો; જબલપુર મુકામે સભાપતિ શાંતિપ્રસાદજીના પ્રમુખપદે અ૦ ભા૦ દિગંબર જૈન પરિષદનું અધિવેશન થયુ હતું તેમાં ઐકયનો પ્રશ્ન ભારપૂર્વક ચર્ચાયો હતો; મુંબઇમાં કન્યા છાત્રાલયની પ્રવૃત્તિ જગ્યાના અભાવે મુલતવી રહી છે; હાલ તુરત બહેનોને છાત્રવૃત્તિ આપવાની શરૂ કરી છે. ફંડ લગભગ એક લાખનું થયેલ છે; બારસીમાં શ્રી ડુંગરભાઇ ભૂધરદાસ વકીલે જૈન વિદ્યાભુવન વિગેરે ત્રણ સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું હતું; બીયાવરખાતે ઉજવાયેલ મહોત્સવમાં ત્રણે ફીરકાઓમાં ઐકય વધારવા માટે એક સમિતિ ત્રણે ફીરકાઓના આગેવાનોની થઇ છે; આજના કટોકટીના કાળમાં કોમનું શ્રેય થાય, વ્યાપાર ઉદ્યોગ કેળવણી અને ધર્મભાવનામાં કોમ આગળ વધે, કહેવાતા મધ્યમ પણ આજના સંજોગોમાં કેવળ નિકૃષ્ટ સ્થિતિએ પહોંચેલા વર્ગની મુંઝવણો ટળે–રાહત મળે તેવા સંજોગો ઐકય રચનાની સાથે ઊભા કરવાની આવશ્યકતા છે; મુંબઇમાં અનાજની સાપબંધી માટે જૈન સમાજની સેવા આપનાર શેઠ ખીમજી માંડણ ભુજપુરીઆને રૂા. ૭૦૦૦૧) ની થેલી અર્પણ થઇ હતી; એમણે પણ અનાજના વેપારીઓના કલ્યાણાર્થે ઉક્ત રકમ પાછી આપી છે; તળાજા તીર્થમાં ભાવનગરના નામદાર મહારાણીશ્રીના હસ્તક નેક નામદાર મહારાજા, અધિકારીઓ અને શહેરીઓની હાજરી વચ્ચે ઉત્સવપૂર્વક વિદ્યાર્થી ગૃહનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું; આ બાબતમાં લગભગ ત્રણ લાખનું ફંડ થઇ ગયેલ છે, જે ખાસ કરીને શેઠ ભોગીલાલ મગનનલાલ તથા વોરા ખાન્તિલાલ અમરચંદ, શેઠ મોહનલાલ તારાચંદની મહેનતને આભારી છે; ઉપરાંત તાલધ્વજ તીર્થમાં જીર્ણોદ્ધાર શરૂ થવા સાથે બાવન જિનાલયના કાર્યની શરૂઆત થઇ છે; આ કાર્ય વહોરા શ્રી ખાન્તિલાલ અમરચંદની જાતિ અને તન, મન અને ધનના ભોગે દેખરેખ અને કાર્યદક્ષતાથી ચાલુ થયેલું છે; ભીખબંધીના ગવર્નમેંટ કાયદા બાબતમાં જૈન કોન્ફરન્સ તરફથી સરકારને જૈન સાધુઓ બાબતમાં સુધારો કરવાની સૂચના થઈ હતી શેઠ શાંતિદાસ આશકરણે ના૦ ગવર્નરને મળી, જૈન સાધુઓ સંબંધમાં આ કાયદો લાગુ પડતો નથી તેમ નક્કી થયાની બાબત રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસિંહે મુંબઈ સમાચારમાં જણાવી દીધેલ છે; અમદાવાદ જૈન સોસાયટીએ મુ. શ્રી દર્શનવિજયજીના પ્રમુખપદે જૈન પ્રાચ્ય વિદ્યાભવનની સ્થાપના કરી છે; જેમાં અર્ધમાગધી અને સંસ્કૃત ભણતા વિદ્યાર્થીઓને અભ્યાસ તથા સંશોધન માટે યોજના થઇ છે; પ્રસ્તુત સભામાં પણ શેઠ ભોગીલાલ મગનલાલ લૅકચર હૉલનું ઉદ્ઘાટન અને તેમનો ઓઈલપેઇન્ટીંગ ફોટો મૂકવાની ક્રિયા તેમજ શેઠ મોહનલાલ તારાચંદને માનપત્ર વિગેરે કાર્યો ઉત્સવપૂર્વક થયાં હતાં; જૈન કોન્ફરન્સના હાલના સેક્રેટરી શ્રી ચંદુલાલ વર્ધમાને 'વર્ધમાનનગર' વસાવવાની ભાવના સાથે મુંબઇના જૈનો માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે હજાર કુટુંબોનો સમાવેશ થાય તેવા બ્લોકો અને ચાલીઓ બંધાવવાની અઠાવીશ લાખની યોજના તૈયાર કરી છે; એ બાબતમાં તેમનો ઉત્તમ પ્રયાસ ચાલુ છે.

કેળવણીની સંસ્થાઓને અનુકૂળ ધાર્મિક સીરીઝો પણ તૈયાર કરવાની વહેલી તકે આવશ્યકતા છે. શેઠ ભોળાભાઈ જેસીંગભાઈ તરફથી એક લાખ રૂપીઆની ઉદારતાથી અમદાવાદમાં મહાવીર જૈન વિદ્યાલયની શાખા ઉદ્ઘાટન થવાનો નિર્ણય થયો છે; કલકત્તામાં મળેલ અખિલ હિ. ભા. જૈન શાસન મહોત્સવ પ્રસંગે જૈન દર્શન પરિષદ ડૉ. આતકોડીના પ્રમુખપદ નીચે થઇ હતી; કલકત્તામાં વિદ્યામંદિર માટે પાંચ લાખ લગભગ થયા હતા.

## લેખદર્શન—

પ્રસ્તુત માસિકે ગત વર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ ૭૪ લેખો પૃષ્ઠ ૧૭૯માં આપેલ છે; જેમાં વીશ પદ્ય લેખો અને ચોપન ગદ્ય લેખો છે; મુ. લક્ષ્મીસાગરજીના 'ભક્તિ કરો સદા કાળ' વિગેરે છ લેખો, મુ. હેમેંદ્રસાગરજીના 'આત્મધર્મ વિકાસ' વિગેરે છ લેખો કે જેમાં બે લેખો પદ્યાગદ્ય શૈલિવાળા છે આ. શ્રી વિજયપદ્મસૂરિનું શ્રેયાંસનાથજીનું સ્તવન, મુ. વિનયવિજયજીનું 'આધ્યાત્મિક પદ' મુ. શ્રી દક્ષવિજયજીનું 'નેમિજિન સ્તવન', મુ. શ્રી યશોભદ્રવિજયજીની અજિતજિન સ્તુતિ, શ્રી બાલચંદ હીરાચંદનો સંસ્કૃત સ્તવનનો અનુવાદ, રા. રેવાશંકર બધેકાના ચેતવણી, મેઘાન્યોક્તિ વિગેરે ચાર કાવ્યો–આ તમામ કાવ્યો ભક્તિરસપ્રધાન, ચિતનમય, જાગૃતિ, વીરત્વ, પુરુષાર્થપરાયણતા અને સંસારની અનિત્યતા સૂચવવા સાથે વાચકોને આત્મિક ઉન્નતિ માટે બોધપ્રદ છે; ગદ્ય લેખોમાં આ. શ્રી વિજયકસ્તૂરસૂરિના પ્રમાદમિમાંસા તથા વિચારશ્રેણિ વિગેરે છ લેખો સૂક્ષ્મ અને ચિંતનપ્રધાન છે; એમની શૈલી ગહન અને તાત્વિક હોવાથી વિદ્વદ્‌ભોગ્ય છે; મુ. શ્રી હેમેંદ્રસાગરજીના વિક્રમાદિત્ય વિગેરે બે લેખો, આ. શ્રી વિજયપદ્મસૂરિના સંક્ષિપ્ત બોધવચનમાળા વિગેરે પાંચ લેખો, મુ. શ્રી ન્યાયવિજયજીનો અહિંસાનો આદર્શ લેખ, મુ. શ્રી લક્ષ્મીસાગરજીના આશા–તૃષ્ણા અને બાર ભાવનાનું સ્વરૂપ વિગેરે છ લેખો, તથા પં. ધર્મવિજયજી મહારાજનો ગુણસ્થાનક વિચારનો લેખ એકંદરે ઉચ્ચ પ્રતિભાવાળા, તત્ત્વજ્ઞાનમય, ગુર્જરભાષા ઉપર સંયમભરી પ્રૌઢતાવાળા અને પ્રેરક છે. સં. પા. મુ. શ્રીપુણ્યવિજયજીના અધ્યાત્મ વચન, આત્મા સાથે કર્મ પુદ્‌ગલોનો સંબંધ વિગેરે આઠ લેખોમાં કેટલાક સંગૃહીત અને કેટલાક સ્વતંત્ર છે; પણ તેમની વિદ્વત્તા અને સુંદર શૈલિ એ સર્વ લેખોમાં તરી આવે છે; મુ. શ્રી ધુરંધરવિજયજીએ સાહિત્ય વિષયક કાવ્યના મહાન્ લાભો વિગેરે લેખો લખી કાવ્યમય સૃષ્ટિનું નૂતન જ્ઞાન આપ્યું છે; ઉપરાંત અન્ય દર્શની હોવા છતાં રા. ડુંગરશી ધરમશી સંપટના ગુજરાતી સાહિત્યના બ્રહ્માઓ વિગેરે પાંચ લેખો જૈન દર્શનનો ઇતિહાસ, યોગ અને તત્ત્વજ્ઞાનનો તેમનો સૂક્ષ્મ અભ્યાસ સૂચવે છે; શ્રીયુત ચોકસીના મદનો શિકાર વિગેરે બે લેખો, વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદનો 'સમયના પ્રવાહમાં' વાળો લેખ, રા. અભ્યાસીના 'વિજયી કોણ' વિગેરે ચાર અનુવાદમય લેખો, પં. લાલનનો આનંદઘનજીકૃત ઋષભજિન સ્તવનનો અર્થમય લેખ, શાસનપ્રેમીનો મેવાડની પરિસ્થિતિનો લેખ, નૂતનવર્ષનું મંગલમય વિધાન, અને શ્રી યશોવિજયજી ઉપાધ્યાયનું જીવન રહસ્ય, શ્રી ફતેહચંદ ઝવેરભાઈના બે લેખો–આ તમામ લેખો માટે પ્રસ્તુત લેખકોનો આભાર માનીએ છીએ. ઉપરાંત વર્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન સમાચારના નવ લેખો અને સત્કાર સમારંભ વિગેરે સાત લેખો માસિક કમિટી તરફથી આપવામાં આવેલ છે.

ગત વર્ષમાં પત્ર કંટ્રોલ ધારાને અંગે લેખસામગ્રી અલ્પ પ્રમાણમાં અપાયેલ છે. હવે ગત જેઠ માસથી લગભગ–શરીર પ્રથમ કરતાં કંઇક વધ્યું છે; પરંતુ હજી અસલ સ્થિતિએ આવ્યું નથી. પ્રસ્તુત નવીન વર્ષમાં ધાર્મિક જીવનમાં પ્રગતિ થાય તેવી સુંદર શૈલિથી લેખ સામગ્રી આપવા ઇચ્છા રાખેલ છે; ગત વર્ષના લેખો મુખ્યત્વે પૂ. મુનિશ્રીઓના છે. એમનો તથા ગૃહસ્થ સાક્ષર લેખકોનો પ્રસ્તુત પત્ર પ્રતિ સહાનુભૂતિ ધરાવનાર તરીકે આભાર માનીએ છીએ તેમજ નૂતન વર્ષમાં જૈન સમાજને સવિશેષ ઉપયોગી લેખો લખવા સાદર નિમંત્રીએ છીએ.

**જૈન સાહિત્યોદ્ધાર અને ભાવના—**

દેવ–ગુરુની કૃપાથી સભા પ્રતિવર્ષ સાહિત્ય સમૃદ્ધિ, પેટ્રનો, સીરીઝ અને મેંબરોથી બળવત્તર બનતી જાય છે તે માટેની હકીકત પ્રતિમાસ આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે; નૂતન વર્ષથી સભાના સેક્રેટરી તરીકે સ્વ. શેઠ હરજીવનદાસ દીપચંદની જગ્યાએ ડો. જશવંતરાય મૂલચંદ એમ. બી. બી. એસની નીમણુંક થઇ છે.

અત્યાર સુધીમાં છ તીર્થંકર પ્રભુના જીવનચરિત્રો ભાષાંતર સાથે સભા તરફથી પ્રકટ થયાં છે. હાલમાં શ્રી પાર્શ્વનાથ ચરિત્રનું ભાષાંતર તૈયાર થાય છે; સંસ્કૃત પ્રાકૃતમાં બૃહત્કલ્પ જૈન કથારત્ન કોષ, ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર-બીજા પર્વથી અને બૃહત્કલ્પ ભાગ છઠ્ઠો વિગેરે તૈયાર થશે. ગુજરાતી ભાષાન્તર **જૈન કથારત્ન કોષ** અને **શ્રી સંઘપતિ ચરિત્ર** તેમ જ **શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ, શ્રી શાંતિનાથ ચરિત્ર** તૈયાર થાય છે; **વસુદેવ હિંડી** જેવા કથાનુયોગના પ્રાચીનતમ ગ્રંથનું ભાષાંતર અનુવાદ છપાય છે, આ તમામ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોના પ્રકાશન માટે સ્વ૦ પ્ર૦ શ્રી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન પ્રશિષ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**અંતિમ પ્રાર્થના—**

તત્ત્વાર્થની કારિકામાં શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકે મુક્તિના સાધ્યપણા માટે '**कर्मक्लेशोऽभावो यथा भवत्येष परमार्थः**' અર્થાત્ "કર્મક્લેશનો અભાવ થાય ત્યારે આત્માની સ્વતંત્ર મુકિત સિદ્ધ થાય." આ કર્મક્લેશનો અભાવ કરવા માટે જૈન દર્શનમાં શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પ્રતિ શ્રદ્ધા, ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યો, સાત નયો, ચાર નિક્ષેપાઓ, દ્રવ્યગુણપર્યાય, દાન શીલ તપ ભાવ, જૈન યોગદૃષ્ટિ, કર્મના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા વિગેરે પરિસ્થિતિનો ચાર અનુયોગો, સપ્તભંગીઓ વિગેરેનું સમ્યગ્જ્ઞાન અને સામાયિક, પોષધ, પ્રતિક્રમણ, તપશ્ચર્યા વિગેરેનું રહસ્ય સાથે સક્રિય પાલનરૂપ સમ્યક્ ચારિત્ર કે જે જૈન દર્શનનું સત્ત્વરૂપ છે; તેનું આત્મજાગૃતિપૂર્વક પરિપાલન કરતાં આ શુભ સાધનોથી અવશ્ય જન્મજન્માંતરે મુક્તિરૂપ સાધ્ય પ્રકટવાનું; આ સાધ્યની સિદ્ધિ માટે અમૂલ્ય માનવજન્મનું અસ્તિત્વ છે. શુભ સાધનોથી પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા થતાં થતાં છેવટે વીતરાગ અવસ્થારૂપ શુદ્ધાત્માનો આવિર્ભાવ થાય છે; આ ઉપરથી અશુભ સાધનોનો ત્યાગ કરી શુભ સાધનોમાં પ્રવૃત્ત થઇ શુદ્ધપણું પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ શ્રી જિનેશ્વરોએ પ્રબોધ્યો છે; જૈન દર્શનનું બાહ્ય અને આંતર બંધારણ અલૌકિક છે; સૂક્ષ્મ અને ગંભીર વિચારકો તે સમજી શકે તેમ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીજ્ઞાનસારના બત્રીસ અષ્ટકનો સંક્ષિપ્ત સાર

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી ( સંવિગ્ન પાક્ષિક )

૧ **પૂર્ણતા**—પૌદ્ગલિક ઉપાધિથી રહિત સ્વભાવજનિત પૂર્ણતા એ જ પૂર્ણતા.જે વસ્તુઓ- થકી કૃપણ પોતાને પૂર્ણ માને છે, તેનો ત્યાગ તે જ સાચી પૂર્ણતા છે. વિવેકી પુરૂષની દૃષ્ટિ પૂર્ણાનંદરૂપી અમૃતથી સ્નિગ્ધ થયેલી હોય છે.

૨ **મગ્નતા**—પાંચ ઇન્દ્રિયોને પોતાના વ્યાપારથી પર બનાવીને અને મનને એકાગ્ર કરીને જ્ઞાનસ્વરૂપ એવા પરબ્રહ્મને વિષે વિશ્રાન્તિને ધારણ કરે છે તે મગ્નતા કહેવાય છે. અર્થાત્ સ્વસ્વભાવમાં સ્થિરતા કરવાથી મગ્નતા પ્રાપ્ત થાય છે. પરભાવને વિષે આત્માનું કર્ત્તાપણું નથી, પરંતુ જ્ઞાનરૂપ માત્ર ક્રિયા છે. જ્ઞાનનું સુખ સ્વાધીન છે, સ્વાભાવિક છે, કષ્ટરહિત છે અને બીજું સુખ તેથી વિપરીત છે. પરભાવથી પોતાને સુખી માનનાર ચક્રવર્તી જેવા પણ એક ક્ષણમાં રંક થઇ જાય છે, જેથી તે સુખ અસ્થિર છે.

૩ **સ્થિરતા**—ચિત્તની અસ્થિરતા-ચંચલતાનો નાશ થવાથી સ્થિરતા પ્રગટે છે. અર્થાત્ સંકલ્પ વિકલ્પનો ત્યાગ થવાથી સ્થિરતા પ્રગટે છે.

---

ઉપર ઉપરથી સમજનારાઓને '**धर्मस्य तत्त्वं निहितं गुहायां**' એ દૃષ્ટાંતથી જૈન દર્શનનાં અમૂલ્ય રત્નો મળી શકે તેમ નથી. તત્ત્વચિંતક કાકા **કાલેલકર** પણ કહે છે કે "જૈન દર્શન એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે; સ્યાદ્વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપની સાધનાવડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ જૈન દર્શનમાં છે." એક અન્ય દર્શની સાક્ષર વળી કહે છે કે "જૈન દર્શન સિવાય બીજો મોક્ષધર્મ નથી પરંતુ બધી સામગ્રી હોવા છતાં પાછળ રખડતો તેના જેવો કોઇ સમાજ નથી; જૈન સિદ્ધાંત જેવું તત્ત્વજ્ઞાન કોઇ સ્થળે નથી, પરંતુ સંગઠનના અભાવે એ બધું સામર્થ્ય એળે જાય છે." સ્યાદ્વાદમય જૈન દર્શનની આવી ઉત્તમ પરિસ્થિતિ હોવાથી **મરુ**દેવામાતા અને **ભ**રત ચક્રવર્તીના આશ્ચર્યજનક દૃષ્ટાંતો અલગ રાખી પ્રત્યેક સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની કોટિઓનો અનુભવ કરતાં '**भावित भावो भवेष्वनेकेषु**'એ વાક્યથી અનેક જન્મોના સંસ્કારો દૃઢ થતાં અંતઃસ્ફુરણા પ્રકટે છે; વિશ્વ અને પ્રાણી પદાર્થો ઉપરની દૃષ્ટિ ફેરવાઇ જાય છે; "મુક્તિ સંસાર બેહુ સમગણે" એ શ્રીમદ્ આનંદઘનજીના ઉદ્ગારો પ્રમાણે પ્રગતિમાન આત્માને કોઇ સ્થાનમાં વિષમતા ભાસતી નથી; શ્રી **હે**મચંદ્રાચાર્યના કથન મુજબ '**आत्मेव दर्शनज्ञानचारित्राण्यथवायते**' એ નિશ્ચય ધર્મ ક્રમે ક્રમે આત્માને પ્રાપ્ત થાય છે અને તર્કવાદની પાર રહેલો આત્માનુભવ પ્રકટે છે; આ સિદ્ધિ માટે **આ**ત્માનંદ પ્રકાશનો અલ્પ પ્રયાસ છે. નૂતન વર્ષમાં નિર્વિઘ્નપણા માટે **શ્રા**વણ માસમાં જેમનું જન્મકલ્યાણક છે તે બાવીશમા શ્રી શ્રી **ને**મનાથજીના અધિષ્ઠાયક દેવને પ્રાર્થના કરી વહેલી તકે સમગ્ર વિશ્વની સંપૂર્ણ શાંતિ થાય તેમ ઇચ્છી બાલબ્રહ્મચારી શ્રી **ને**મિનાથજીનો સ્તુતિ શ્લોક કે જે મંગળાચરણરૂપે શ્રી **શ**ત્રુંજય માહાત્મ્યમાં આવેલો છે તે સાદર કરી વિરમીએ છીએ.

**दुर्धर्ष मदनोत्कर्षं वैराग्येण व्यपास्य यः ।**
**स्वीचक्रे शिवसाम्राज्यं शैवेयः सोऽस्तु नः श्रिये॥**

**ॐ शांतिः शांतिः शांतिः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ☆ બેદરકારીનો ભોગ ☆

પરમાત્મા શ્રી મહાવીરદેવના કિંમતી સૂત્ર '**समयं मा पमाए**'નો જેમ જેમ ઊંડો વિચાર કરીએ છીએ તેમ તેમ એ પાછળ જે ગંભીર રહસ્ય સમાયેલું છે એનો ખ્યાલ આવે છે. આત્માની સુષુપ્ત દશામાં પ્રમાદ રૂપી દુશ્મન કેવી રીતે ઘુસી જાય છે એનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. આત્માને પોતે શું કરી રહ્યો છે એનું સ્પષ્ટ ભાન પણ નથી હોતું અને એવી સ્થિતિમાં પ્રમાદનો છાપો અચાનક આવી પડે છે! મનમાં ચિંતવ્યું પણ ન હોય, અરે સ્વપ્નમાં પણ જેની સંભાવના ન હોય, એવું કાર્ય જોત જોતામાં થઈ જાય છે! પછી જ યાદ આવે છે કે જો આમ ન કર્યું હોત તો આમ ન થવા પામત. પણ એ 'જો' 'તો'ની સૃષ્ટિનો સાચો ખ્યાલ આવે તે પૂર્વે તો બનવાનું બની ચૂકયું હોય છે! એ વેળાની દશાની સરખામણી કયાં તો 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવા' સાથે કે 'લગન વેળા ગઈ ઉંઘમાં પછી પસ્તાવો થાય' એ ઉક્તિ સાથે કરી શકાય. એ વિચારસરણી રાંધ્યા પછીના ડહાપણ તુલ્ય

---

૪ **મોહત્યાગ**—'હું અને મારૂં' તે જ મોહ છે, અને હું અને મારૂં જેનામાં નથી તે જ મોહ રહિત છે. મોહ એટલે આત્મભિન્ન પદાર્થોને વિષે આત્મિયત્વ બુદ્ધિ ઉત્પન્ન કરનાર મોહનીય કર્મ—મૂઢતા.

૫ **જ્ઞાની**—તેજ ઉત્તમ જ્ઞાન છે કે જેથી આત્મા વારંવાર એક પરબ્રહ્મ-નિર્વાણપદને વિષે તન્મય થાય છે. મોટા શાસ્ત્રપાઠનો કાંઈ આગ્રહ નથી. રાગાદિકવાળું જ્ઞાન તેજ અજ્ઞાન સમજવું. તેજ જ્ઞાન કહેવાય છે કે જે સ્વસ્વભાવ લાભના સંસ્કારનું કારણ છે અને તેથી અન્ય બુદ્ધિ અર્થાત્ બીજું રાગાદિકવાળું જ્ઞાન માત્ર અંધ કરનાર છે, એમ મહાત્માઓએ કહ્યું છે.

૬ **શમ**—વિકલ્પના વિષયને પાર ઉતરેલ સદા સ્વભાવ ગ્રહણવાળો એવો જ્ઞાનનો જે પરિપાક તે 'શમ' કહેવાય છે. યોગારૂઢ થવાને ઇચ્છતો મુનિ બાહ્ય ક્રિયાને પણ સેવે છે, પરંતુ અન્તર્ગતક્રિય એવો યોગારૂઢ મુનિ શમે કરીને જ સિદ્ધિને પામે છે.

૭ **ઇન્દ્રિયજય**—જો સંસારથી બ્હીતા હો અને મોક્ષપ્રાપ્તિની આકાંક્ષા રાખતા હો તો ઇન્દ્રિયો પર જય મેળવવાને ઘણું પરાક્રમ ફોરવો. હજારો સરિતાથી નહિ પૂરાય એવી સમુદ્રના ઉદર સમાન ઇન્દ્રિયોનો સમૂહ તૃપ્તિમાન થતો નથી, માટે અંતરાત્માએ કરીને તૃપ્ત થા!

૮ **ત્યાગ**—મમતાનો ત્યાગ અને સમતાનો સ્વીકાર, બાહ્ય આત્મભાવનો ત્યાગ અને અંતર આત્મભાવનો સ્વીકાર તે જ ત્યાગ છે. જ્યાં સુધી આત્મતત્ત્વ પ્રકાશે કરીને પોતે પોતાને શિક્ષા આપે એવા ગુરૂત્વને પામતો નથી ત્યાં સુધી ઉત્તમ ગુરૂની સેવા કરવી.

૯ **ક્રિયા**—ભગવાન જિનેશ્વરના મુખારવિંદમાંથી નીકળેલા વચનરૂપ જિનાગમ તેને અનુસરીને ક્રિયાનું કરવું તે ક્રિયા સમજવી. આને વચનાનુષ્ઠાન કહેવાય છે.

૧૦ **આત્માને વિષે તૃપ્ત**—પુદ્ગલથી પુદ્ગલ તૃપ્ત પામે છે અને આત્મા આત્માથી તૃપ્ત પામે છે. માટે પરિતૃપ્તિનો સમારોપ જ્ઞાનીને ઘટતો નથી. પુદ્ગલની ભોગતૃષ્ણાએ આતુર જીવની વિષોદ્ગાર જેવી દુર્ગતિ થાય છે, અને જ્ઞાનના સ્વાદથી તૃપ્ત જીવને ધ્યાનરૂપી અમૃતના ઉદ્ગાર જેવી પરંપરા થાય છે. જ્ઞાનરૂપી અમૃતનું પાન કરીને, ક્રિયારૂપી સુરલતાના ફળનું ભોજન કરીને અને શામ્ય તાંબુલનું આસ્વાદન કરીને મુનિ ઉત્કૃષ્ટ તૃપ્તિને પામે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પ્રાજ્ઞ તે જ છે કે જે 'પાણી બંધ તોડી બહાર પડે તે પૂર્વે એની પાળને બરાબર બાંધી દે.' કાર્ય આરંભતાં પહેલાંજ એના પરિણામની ગણત્રી બાંધે. આવા કારણોને લઇ-નેજ ગણધર મહારાજશ્રી ગૌતમસ્વામીને ઉદ્દેશી કહેવામાં આવેલ પ્રભુશ્રી વીરનું વચન 'હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ ન કરીશ' એ મહા મૂલ્યવાન છે, અતિ રહસ્યથી ભરપૂર છે. એમાં કાર્યના નિશ્ચયકાળે એકચિત્ત થવાની જેમ ચેતવણી છે તેમ કરણી ટાણે જાગ્રત દશા રાખી સુષુપ્ત દશાનો સર્વથા ત્યાગ કરી દેવાની હાકલ પણ છે. ભવભ્રમણના નિમિત્તભૂત જે કષાય ચોકડી આત્માની અનંત શક્તિ ઢાંકી દઇ, એ પર કબજો કરી બેસે છે એમાં પણ નિમિત્ત એ જાગૃત દશાના અભાવનું જ છે. જ્યાં પ્રમત્ત દશા નથી ત્યાં મદ વિષય કે કષાય આદિનું જોર ચાલતું જ નથી. જાગ્રત આત્મા વિકથામાં પડ્યા વિના સ્વશ્રેયની વિચારણામાં ઉદ્યુક્ત થઈ શકે છે. આવા પ્રકારની લાંલ બત્તી-ધારી આ સૂત્ર હોવાથી એ પાછળની વિચારણા લંબાણથી આગળ વધે છે.

મદના શિકાર બનનાર 'મરિચી' ના કથા-નકનો વિચાર કર્યા પછી ભકિતના કાર્યમાં રત બનેલાં આત્માઓ બેદરકારી કરવાથી કેવી રીતે હતા ન હતા થઇ ગયા એની તપાસમાં આગળ વધીએ.

× × ×

ઓ જાય, પેલા જાય, અહા જાણે માનવ સાગર ઉલટ્યો! વિદાય ટાણે વિનીતા નગરીની ભાગોળે એકાદા મહામેળાનુ દ્રશ્ય ખડું થયેલું! એ મહા-માયાના એક, બે, કે પાંચપચીશ નહીં પણ સાઠ હજાર સંતાનો-માલીક એવા રાજવી સગરના સર્વે પુત્રો આજ એકાએક યાત્રાર્થે નિકળી પડેલા. એ ક્ષત્રિય સંતાનોની એકધારી તાલબદ્ધ કૂચ નિરખવા-એમને ભાવભીની વિદાય દેવા અયોધ્યાની પ્રજામાંથી નર-નારી અને બાળકોના જુથ ને જુથ આવેલાં. આ પ્રસંગ એક ઉત્સવરૂપ થઇ ગયો.

આ પ્રયાણની નોબત તો એકાએક વાગી ગઇ! એકાએક એ ભાંડુઓ મળ્યા, વિચાર કર્યો અને વડિલ એવા જન્હુકુમાર પિતાશ્રી સગર પાસે રજા લેવા આવ્યો. ન જોયું મુહૂર્ત કે ન કરી બરાબર તૈયારી. કાળના પ્રેર્યા સૌ બહાર પડ્યા! અને જોતજોતામાં દ્રષ્ટિમર્યાદાથી દૂર થયા. ચક્રવર્તી સગરે આગ્રહ કરી સાથમાં પોતાના ચૌદ રત્નોમાંથી થોડા આપેલા.

મહારાજ પાછા ફરવા માંડે છે ત્યાં રાજ-પુરોહિત દોડતો આવ્યો અને શીઘ્રતાથી એક જ પ્રશ્ન કર્યો.

શું એ બધાયે ગયા? સાઠ હજારે સાથે? ભૂદેવ! અષ્ટાપદની યાત્રાએ સૌ સાથે સિધાવ્યા? મહારાજ! ભવિતવ્યતા બળવાન છે.

કાં પુરોહિતજી એવું વદો? શું તમારૂં જ્યોતિષ કંઇ અમંગળ સૂચવે છે?

મહારાજ! એકાદને તો આપની પાસે રાખવો હતો? મુસાફરી એટલે વિલંબ સંભ-વે જ. એમાં પણ યાત્રાનો પ્રસંગ. ઘડી પછી અગત્ય ઉભી થાય તો પિતાની પાસે એકાદ પુત્રની હાજરી હોય તો ઘણો ફેર પડે.

ભૂદેવ, નૈતિક દ્રષ્ટિયે તમારી વાત વિચાર-ણીય છે. પણ આ તો યાત્રા અર્થે પ્રયાણ-માંગલિક કાર્ય એટલે ન તો એ વાત યાદ આવી અને ન તો તમારા સરખા પુરોહિત હોવા છતાં સલાહ લેવાઇ! અરે મુહૂર્ત પણ કોણ જોવા થોભ્યું!

સમ્રાટ્, તેથી જ કહું છું ને કે 'હોણહાર મિથ્યા ન થાય.' **लिखितमपि ललाटे प्रोज्झितुम् कः समर्थः** એ શાસ્ત્રવેત્તાઓનું વાકય ખરેખર ટંકશાળી છે.

આ વાર્તાલાપ કરતા સગરચક્રી અને રાજ-પુરોહિત નગરમાં પાછા ફર્યા અને રાજવીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાઠ હજાર પુત્રો મજલ કાપતા અષ્ટાપદગિરિ સમિપ આવી પહોંચ્યા.

આ તે જ પવિત્ર પર્વત છે કે જ્યાં ભારતવર્ષમાં પ્રવર્તતી અવસર્પિણીમાં થયેલા ચોવીશ તીર્થંકરમાંના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ સ્વજીવનના અંતિમ દિનો પસાર કરી નિર્વાણ પામેલા. આ પવિત્ર ભૂમિમાં કાયમને માટે સંસારભ્રમણ પર સીલ મારી, શુકલધ્યાનના અંતિમ પાયા ધ્યાવતા સદાને માટે અષ્ટકર્મો પર વિજય પ્રાપ્ત કરી મુક્તિવધુના ભોક્તા બનેલા. માત્ર તેઓએ જ આત્મકલ્યાણ સાધેલું એમ નહીં પણ એમની સાથે ગણધર અને સાધુઓનો પણ સમુદાય હતો જ. એ મહાત્માઓના પાદપદ્મોથી પૂનિત બનેલી આ ભૂમિ, એ સર્વના મોક્ષગમનથી મહાન્ તીર્થરૂપ બની ગઇ.

ભરતચક્રીએ એ પ્રસંગની સ્મૃતિમાં એક રમણીય પ્રાસાદ બંધાવ્યો. માત્ર શ્રી આદિનાથની જ નહીં પણ તેઓશ્રી પછી થનારા અન્ય ત્રેવીશ તીર્થપતિઓ સંબંધી પોતે શ્રી યુગાદિ પ્રભુના મુખે જે વૃતાન્ત શ્રવણ કર્યું હતું તે આધારે-દેહ પ્રમાણને અનુરૂપ બિંબો-રત્નમણિમય અને નજરે પડતાં જ ભાવુક હૃદયમાં વીતરાગ દશાના અનુપમ ભાવો જન્માવે એવા-ચોવીશની સંખ્યામાં ભરાવ્યા. દેવાલયની બાંધણી પણ એવી પદ્ધતિની કે પ્રત્યેક દ્વારમાં પ્રવેશતાં જ નેત્રો સામે અરિહંતની પ્રતિમા આવે. ચાર દ્વારયુક્ત મનોહર પ્રાસાદની વચલી વેદિકા પર, જેમનો શીરોભાગ સરખો છે એવા કાંતિમાન બિંબો; થવાના ક્રમ મુજબ અર્થાત્ શ્રી ઋષભદેવથી શ્રી વર્ધમાન સ્વામી સુધી, બે, ચાર, આઠ અને દશ રૂપ ચાર વિભાગમાં શુભ મુહૂર્તે પ્રતિષ્ઠિત કર્યાં.

આ પછી તો વર્ષોના વહાણા વાયા. સંખ્યાબંધ રાજાઓ અને અગણિત મનુષ્યોએ આ પવિત્ર ભૂમિના દર્શન કર્યા અને તીર્થની સમૃદ્ધિમાં વિવિધ પ્રકારે વૃદ્ધિ કરી. આ પાવન તીર્થનું શરણ ગ્રહી સંખ્યાબંધ આત્માઓએ આત્મકલ્યાણ સાધ્યું.

આવા અનુપમ તીર્થના દર્શનથી સગર પુત્રોના હૃદય નાચી રહ્યા. (ચાલુ) **ચોકસી**

# સંક્ષિપ્ત બોધવચનમાલા

લે. **આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી**

( ગતાંક પૃષ્ઠ ૧૪૩ થી શરૂ. )

૬૧. સો ટચના સોના જેવા ખરા ગુરૂઓ બહારના દેખાવથી તો તરવારની ધાર જેવા, સર્પની જેવા ક્રૂર હોય છે, પણ હૃદયમાં ધરાખની જેવા મીઠા હોય છે, એટલે આપણું એકાંત ભલું ચાહનારા હોય છે. આ દીક્ષાગુરૂઓ દુનિયામાં વિરલા કોઇકજ જયવંતા વર્તે છે. તેઓ ઠેકાણે ઠેકાણે નજરે પડતા નથી. કારણકે શું દરેક હાટે હીરા હોય, કે ઠેકાણે ઠેકાણે સોનાના ડુંગર હોય, અથવા શું સિંહણના ટોળા ઠેકાણે ઠેકાણે દેખાય? નજ દેખાય.

૬૨. ઘંટીમાં ઘઉંના દાણા નાંખી એક માણસ ઘંટી ચલાવે, તો ઘંટી પડની નીચે રહેલાં દાણાનો ચૂરો ( લોટ ) થઇ જાય, પણ જે દાણા વચમાં રહેલા-ઘંટીના ખીલાની પાસે પડ્યા છે તે બચી જાય છે. અહીં દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે કરવી. ઘંટી જેવું પાપનું ચક્ર સમજવું. દાણા જેવા સંસારી જીવો જાણવા, ઘંટીના ખીલા જેવો ધર્મ સમજવો, ઘંટીના પડ જેવા પાપની પડખે રહેનારા એટલે પાપ કર્મને સેવનારા જીવો દાણાની માફક પીલાય, એટલે દુઃખી થાય, ને ખીલા સમાન ધર્મની પડખે રહેનારા એટલે ધર્મની સેવના કરનારા જીવો દુર્ગતિના દુઃખથી બચી જાય છે, એટલે સદ્ગતિના સુખ પામે છે. અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ. ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર. ૫ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નાં. ૧–૫ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિત તે કેમ કરવો તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૨૧૬ પેજમાં છપાય છે કિંમત રૂા. ૨-૦-૦ અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે, જેથી અન્યે વેળાસર અમોને લખી જણાવવું.

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, જેથી જરૂર હોય તેમણે સત્વર મંગાવી લેવા. ફરી છપાવી શકાય તેમ નથી.
૧ શ્રીબૃહતકલ્પસૂત્ર ભાગ ૩–૪–૫ રૂા પાા રૂા. ૬ા રૂા. ૫). ૨ કર્મગ્રંથ બીજો ભાગ (પાંચમોછઠ્ઠો)રૂા.૪–૦–૦.
૩ શ્રીઆદિનાથચરિત્રપ્રથમપર્વ(પ્રતતથાબુકાકારે)કિં.૧–૮. ૪ શ્રીકથારત્નકોષગ્રંથલેઝરપેપર.૧૦,ગ્લેઝપેપર૮–૮.
૫ જૈન મેઘદૂત રૂા. ૨–૦–૦.

## દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનોના સુંદર સચિત્ર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સીલીકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી; જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી આદિનાથ ચરિત્ર રૂા. ૫–૦–૦ ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨–૦–૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨–૦–૦ ૪ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨–૦–૦
૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૩–૦–૦ ૬ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩–૮–૦

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચતકારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનાનો ગ્રંથ છે. કિં. રૂા. ૨.

## શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની જુજ કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# તૈયાર છે ! ॥श्री कथारत्न कोष मूल॥ (कहारायण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્યે જેવા વિદ્વાન આચાર્ય મહારાજે રચેલો છે; ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે. ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઝ્ડ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. અનેક જૈન વિદ્વાનો પાસે સંપાદનકાર્ય કરવામાં આવેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે,

પંદરમાં સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની તિભા પ્ર પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

### શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—

## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી ઘરમાં દાનરૂપી દીવાને પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. જ્ઞાનદાન, અભયદાન, અને સુપાત્રદાનના પોષણ કર્તા ધર્મોપષ્ટંભ દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગ દર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરુપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ, સમ્યકૃત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાન ધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. બીજા ત્રણ ધર્મ શિયળ તપ અને ભાવ જ્યારે આચરનારને ઉપકારક થાય છે ત્યારે દાનધર્મ તો આપનાર તથા લેનાર બન્નેને ઉપકારક થાય છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ રેશમી કપડાના સુંદર બાઇન્ડીંગથી આ ગ્રંથ અલંકૃત કરવામાં આવેલ છે કીંમત રૂા. સાડાત્રણ પોસ્ટેજ જુદુ.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only